# પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકાનું વીજ જોડાણ ત્રીજી વખત કપાયું

## એકજ વર્ષમાં વિજ કંપની દ્વારા ત્રીજી વખત વિજ જોડાણ કપાયુ : ૪૦ લાખ વીજબીલ બાકી હોઈ વિજ જોડાણ કપાયુ : વિજ જોડાણ કપાતા પાલિકામાં કામકાજ ઠપ્પ




પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ ભાજપ શાસિત નગર પાલિકા નુ એકજ વર્ષ મા ત્રીજી વખત વિજ જોડાણ કપાયુ ૪૦ લાખ વિજ બીલ બાકી હોય વિજ જોડાણ કપાયુ

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ નગર પાલિકા દ્વારા વિજ કંપની નુ વીજ બીલ ના ભરતા પ્રાંતિજ વિજ કંપની દ્વારા આજે પ્રાંતિજ નગર પાલિકા નુ વીજ જોડાણ કપાયુ હતુ વિજ જોડાણ કપાતા પ્રાંતિજ પાલિકામા અંધારપટ છવાયો હતો તો વિજ પ્રવાહ બંધ થતા પાલિકા મા સંપુર્ણ કામગીરી ઠપ થઈ ગઈ હતી તો પ્રાંતિજ પાલિકા દ્વારા ૪૦ લાખ વીજબીલ બાકી નિકળતા આખરે વિજ કંપની દ્વારા નોટીસો ઉપર નોટીસો આપ્યા બાદ આખરે પ્રાંતિજ વિજ કંપની ના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા આજે પાલિકા ના મેન ઓફિસ નુ વિજ જોડાણ કાપવામા આવ્યુ હતુ તો હાલતો ભાજપ સાશિત પાલિકા નુ વિજ જોડાણ કપાતા હાલતો નગર મા વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ છે જયારે આ વર્ષે સતત ત્રીજી વાર વિજ જોડાણ કપાયુ અગાઉ પણ લાઈટ બીલ ના ભરાતા અપ્રોરોચ રોડ ઉપર ની સ્ટ્રીટ લાઈટ નુ વિજ જોડાણ તથા પાલિકા ઓફિસ નુ વિજ જોડાણ કપાયુ હતુ આમ અગાઉ બે વખત વિજ જોડાણ કપાયુ હતુ ફરી પાછુ વિજ કંપની દ્વારા નગર પાલિકા નુ વીજ જોડાણ કાપતા નગરપાલિકા મા અંધારપટ છવાયો હતો અને પાલિકા મા કામકાજ ઠપ્પ થયુ હતુ અને પાલિકા ના વહીવટ ઉપર ફરી સવાલો ઉભા થયા છે તો સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જો પાલિકા દ્વારા બીલ નહી ભરાય તો હજુ બપોર સુધી મા પ્રાંતિજ વિસ્તાર મા આવેલ અમુક વિસ્તારો મા સ્ટ્રીટ લાઈટો નુ વિજ જોડાણ પણ કપાઈ શકે છે તો આખરે પાલિકા દ્વારા ૩૦ તારીખ સુધી વિજ બીલ ભરવાની ખાતરી આપતા વિજ કંપની દ્વારા વિજ જોડાણ બે કલાક બાદ ફરી વિજ જોડાણ ચાલુ કર્યુ હતુ.

દિવાળી વખતે પણ વિજ કંપની દ્વારા પાલિકા નુ મેન કચેરી નુ વિજ જોડાણ કાપ્યુ હતુ જેમા ૨૬ લાખ વિજ બીલ બાકી હતુ અને પાલિકા દ્વારા પાંચ લાખ રૂપિયા ભરતા ચાલુ કર્યુ અને ૨૧ લાખ બાકી હતી જયારે આજે ફરી ૨૧ લાખ નુ ૪૦ લાખ બીલ થઈ જતા પ્રાંતિજ વિજ કંપની દ્વારા ફરી વિજ જોડાણ કાપ્યુ

### વિજ કંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવનું શું કહેવું છે

વિજ કંપની ના એન્જીનીયર શૈલેષભાઈ નો ટેલિફોનિક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે પ્રાંતિજ પાલિકા નુ ૪૦ લાખ વીજબીલ બાકી હોય આજ રોજ વિજ જોડાણ કાપવામા આવ્યુ છે

### નગર પાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયાનું શું કહેવું છે

નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા નો ટેલિફોનિક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે ૧૩૧ રૂપિયા જ બીલ બાકી છે અને વિજ કંપનીએ ભૂલથી કાપ્યુ હતુ અને જોઈટ પણ કરી ગયા છે

ગુજરાત વહીવટી વર્ગ-૧ ગુજરાત મુલ્કી સેવા વર્ગ- ૧-૨ અને

# ગુજરાત નગરપાલિકા મુખ્ય અધીકારી સેવા વર્ગ-૨ની પરીક્ષા ૨૬ ડિસેમ્બરે યોજાશે

## મોડાસાના-૧૮ પરીક્ષા કેન્દ્રો ખાતે ૪૬૩૬ ઉમેદવારો પરીક્ષા આપશે

બાયડ તા.૨૨

મોડાસા ,બુધવાર-, ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી વર્ગ-૧ ગુજરાત મુલ્કી સેવા વર્ગ- ૧-૨ અને ગુજરાત નગર પાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પરીક્ષા ૨૬ ડિસેમ્બરે -પેપર-૧ સવારે ૧૦-થી ૧-૦૦ અને પેપર-૨ , ૩-૦૦થી ૬-૦૦ ની પરીક્ષા લેવામાં આવશે.

મોડાસા, બુધવાર- અરવલ્લી જિલ્લાના વિવિધ કેન્દ્રો પર આગામી તા ૨૬ ડિસેમ્બરે લેવાનાર ૧૮ પરીક્ષા કેન્દ્રોમાં કુલ- ૪૬૩૬ ઉમેદવારો પરીક્ષા આપશે જેમાં મોડાસાની સી.જી. બુટાલા હાઈસ્કૂલ મોડાસા, સ્ટેશન રોડ મોડાસા, શ્રી કે.એન. શાહ હાઈસ્કૂલ મોડાસા, શ્રી એચ.એલ પટેલ સરસ્વતી વિદ્યાલય તાલુંકા પંચાયતની સામે માલપુર રોડ,મોડાસા, શ્રી જે.બી. શાહ ઈન્ગલીશ મીડીયમ સ્કુલ કોલેજ કેમ્પસ મોડાસા, શ્રી એસ.કે. શાહ અને શ્રી ક્રિશ્નાના એ,એમ આર્ટસ કોલેજ, કોલેજ કેમ્પસ ધનસુરા રોડ, શ્રી પી.ટી. સાયન્સ કોલેજ કોલેજ કેમ્પસ ધનસુરા રોડ મોડાસા, મખદુમ હાયરસેકન્ડરી સ્કુલ સેન્ટર, જમાલવાવ સર્વોદય બેંક નજીક મોડાસા, એમ.આર.ટી.સી. માદની હાઈસ્કુલ ડુગરવાડા રોડ મોડાસા, પ્રાથના વિદ્યાલય સેન્ટર માલપુર કમ્પા મોડાસા, શ્રી બી.કનાઈ હાઈસ્કુલ મોડાસા હીમતનગર રોડ સબલપુર મહાદેવ ગ્રામ મોડાસા, બ્રાઈટ સાયન્સ કોલેજ ડીપ વિસ્તાર શામળાજી રોડ મોડાસા, જિનીયસ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ બાયપાસ સહયોગ ચોકડી માલપુર રોડ મોડાસા, ચાણક્ય વિશ્વ વિદ્યાલય સાયરા રોડ મોડાસા, એમ.કે.કડકીયા વિદ્યાલય ડુગરવાડા મોડાસા, ગવર્મેન્ટ એન્જીન્યરીંગ કોલેજ યુનીટ-૧ કલેકટર ઓફીસની સામે શામળાજી રોડ, મોડાસા, પરિક્ષા કેન્દ્રો ખાતે પરિક્ષા યોજવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી તરીકે દીપેન.એચ.શાહે હવાલો સંભાળ્યો

બાયડ તા.૨૨

મુખ્યમંત્રી કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે શ્રી ડી.એચ.શાહ(IAS) ની સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણૂંક થતાં શ્રી ડી.એચ.શાહે મંગળવારના રોજ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો હવાલો સંભાળી લીધો છે.



વર્ષ ૨૦૧૬માં ભારતીય વહિવટી સેવા સંવર્ગ (IAS) સેવામાં પસંદગી પામીને તેમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છજીની કારકિર્દીનો પ્રારંભ કરનાર શ્રી ડી.એચ.શાહ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વતની છે અને શૈક્ષણિક લાયકાતમાં તેઓ બી.ઈ સિવિલની પદવી ધરાવે છે. આ અગાઉ તેઓ ગુજરાતની વહિવટી સેવામાં વર્ષ ૧૯૯૩માં ખેડા જિલ્લામાં નાયબ કલેકટરથી સેવા શરૂ કરી હતી ત્યારબાદ તેઓશ્રી ખેડા અને વડોદરા જિલ્લામાં નિવાસી અધિક કલેક્ટર તરીકે અને બાદમાં વર્ષ ૨૦૧૬માં વાહન વ્યહવાર વિભાગના મંત્રીના અધિક અંગત સચિવ તરીકે અને મુખ્યમંત્રીના કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે જિલ્લાના વિકાસ અને પ્રજાકિય પ્રશ્નો ઉકેલવામાં ડી.એચ.શાહે તમામ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક બજાવી છે.

# ધાનેરા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી પ્રક્રિયા રાત્રે એક વાગ્યે પૂર્ણ

## લોકોએ કડકડતી ઠંડીમાં પણ પરિણામની રાહ જોઇ



ધાનેરા તા.૨૨

ધાનેરાની ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી જેનું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું હતું ત્યારે ધાનેરા થરાદ હાઈવે રોડ પર આવેલી કે આર આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વહેલી સવારથી જ મતગણતરી હાથ ધરવામાં આવી હતી પરંતુ આ મતગણતરી વહેલી સવારથી લઈને મોડી રાત્રે ૧ વાગ્યા સુધી ચાલી હતી એક તરફ કડકડતી ઠંડી તો બીજી તરફ લોકોમાં પરિણામ જાણવાનો ઉત્સાહ મોડી રાત સુધી પણ લોકોએ કડકડતી ઠંડીમાં પરિણામ જાણવા માટે ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો તો બીજી તરફ કડકડતી ઠંડીથી બચવા માટે લોકોએ પણ તાપણા નો સહારો લીધો હતો. અને મોડી રાત સુધી કોલેજના કેમ્પસમાં ઠેર ઠેર તાપણા જોવા મળી રહ્યા હતા અને લોકો ઠંડી સામે જજુમી પરિણામની રાહ જોઈ રહ્યા હતા. આ સમગ્ર લોકશાહીના પર્વ સમાન ધાનેરા તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામો અંગે અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર ના અહેવાલમાં જણાવ્યા અનુસાર રાત્રિના એક વાગ્યાના સમયે મતગણતરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

### ગ્રામ પંચાયત પર કોણ વિજેતા બન્યું

૧. કુમર ગ્રામ પંચાયત - માલીબેન મનજીભાઈ ધુળીયા
૨. સોતવાડા ગ્રામ પંચાયત - શીવાભાઈ પાતાભાઈ ઠાકોર
૩. ભાંજણા-ગ્રામ પંચાયત - સુરેખાબેન રમેશભાઈ પટેલ
૪. ભાટીબ ગ્રામ પંચાયત - અંતરીબેન સરદારજી સોલંકી
૫. સામરવાડા ગ્રામ પંચાયત -ગગદાભાઈ હરજીભાઈ વણકર
૬. જડીયા ગ્રામપંચાયત - જેતીબેન વિનોદભાઈ ચૌધરી
૭. વાછડાલ ગ્રામ પંચાયત ઈશ્વરભાઈ ભાણાભાઈ ચૌધરી
૮. વિરલ ગ્રામ પંચાયત - નરસિંહભાઈ પીરાભાઈ ડાભી
૯. રવિ ગ્રામ પંચાયત વકતાભાઈ વલભાજી પુરોહિત
૧૦. થાવર ગ્રામ પંચાયત મેંઠીબેન ડાયાભાઈ તરક
૧૧. જોરાપુરા ગ્રામ પંચાયત જેન્તીભાઈ દલસાભાઈ ગોહિલ
૧૨. શેરગઢ ગ્રામ પંચાયત સતિષભાઈ જીવાજી પુરોહિત
૧૩. ધાખા ગ્રામ પંચાયત જેતું બેન બાબુભાઈ પાત્રોડ
૧૪. ભાટરામ ગ્રામપંચાત - સુખીબેન સુરેશભાઈ ચૌધરી
૧૫. ગોલા ગ્રામપંચાત-પાર્વતીબેન મશરૂભાઈ
૧૬. જીવાણા ગ્રામપંચાત - વગતુંબેન સુજાભાઈ ચૌધરી
૧૭. રાજોડા ગ્રામપંચાત - રતનાભાઈ રાજાભાઈ પટેલ
૧૮. વાલેરગ્રામપંચાત - સોલંકી ભુરાભાઈ મેવાભાઈ
૧૯. વાછોલ ગ્રામપંચાત - નરસિંહભાઈ પાતાભાઈ ચૌધરી
૨૦. ખીંમત ગ્રામપંચાત-ઠાકોર વદનસિંહ ડહ્યાજી
૨૧. આલવાડા ગ્રામપંચાત-વર્શાબેન સોનાભાઈ ચૌધરી
૨૨. લવારા ગ્રામપંચાત -હરિસિંહ વાઘેલાનો ભવ્ય વિજય થયો હતો.

# સાબરકાંઠામાં ભાજપ દ્વારા ચૂંટાયેલા સરપંચોને અભિનંદન પાઠવ્યા...

બાયડ તા.૨૨

ભારતીય જનતા પાર્ટી દ્વારા આજરોજ સંયુક્ત નિવેદનમાં પ્રમુખ જે.ડી પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, કનુભાઈ પટેલે જણાવેલ છે કે, ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પરિણામના આવ્યા છે તેમાં જે સરપંચ ચૂંટાયા છે તે મોટાભાગના તમામ સરપંચશ્રીઓ ભાજપ તરફી છે તે તમામને અભિનંદન પાઠવીએ છીએ ગામોમાં પણ શહેર ની જેમ વિકાસ પહોંચ્યો છે તેમાં રાજય અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે. તેમજ તમામ યોજનાઓમાં ગામોને પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તેથી મારુ ગામ, સમૃદ્ધ ગામ, સ્વચ્છ ગામ, શિક્ષિત ગામ, સ્વસ્થ (નિરામય) ગામના કારણે આજે નાના-નાના ગામોમાં પણ નાગરિકો, મતદારોએ ભાજપ તરફી રહ્યા છે જે આનંદની વાત છે અમે તમામ ચૂંટાયેલા સરપંચશ્રીઓને ફરીથી અભિનંદન પાઠવીએ છીએ. આવનારા દિવસોમાં પણ વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે તેથી અમે પણ સૌ મતદારોનો સીધો સંપર્ક કરી રહ્યા છીએ જો કે અમારો પ્રયાસ રહ્યો છે કે ચૂંટણીઓ આવે કે ન આવે મતદારોના સંપર્કમાં રહી તેમને રાજ્યો અને કેન્દ્ર સરકાર ની યોજનાઓનો લાભ અપાવવા તેમના સુખ-દુ:ખમાં પરિવારની જેમ પડખે રહેવું અને સામાજિક દાયિત્વ નિભાવવું આ અમારી વિચારધારા છે. જીલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય તેમજ રેખાબેન ચૌધરીએ પણ સાબરકાંઠા જીલ્લાના ચૂંટાયેલા સરપંચશ્રીઓને અભિનંદન પાઠવ્યા છે.



# સઢા ગામે ભાવનાબેન ૩૩૮ મતોથી વિજયી બન્યા

ગાંભોઈ તા.૨૨

હિંમતનગર તાલુકાના સઢા ગ્રામ પંચાયતમાં સરપંચની ચુંટણીમાં ગામના મહિલા ઉમેદવાર રાઠોડ ભાવનાબેન રાજેન્દ્રસિંહ ૩૩૮ની સરસાઈથી સરપંચ પદે વિજય થતા સમર્થકોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો.



# ગ્રામ પંચાયતની ચુંટણીનો મહાસંગ્રામ પરિપૂર્ણ: કહીં ખુશી કહીં ગમના દશ્યો સર્જાયા

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી.૫૭ ગ્રામ પંચાયતો ની ચુંટણી નું મતદાન રવિવારે યોજાયું હતું.મંગળવારના રોજ મત ગણતરી મામલતદાર ઝેડ.વી.પટેલની રાહબરી હેઠળ અને વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા હાથ ધરાઈ પરંતુ મોડી રાત સુધી ચાલી,એકંદરે મત ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.ભાજપ અને કોંગ્રેસના મોટી લીડથી તેમના સમર્થકો વિજેતા સરપંચ બન્યા હોવાના દાવા કર્યા હતા.વિજેતા સરપંચ,સભ્યોના સમર્થકોએ વિજયી ઉમેદવારોને હાર પહેરાવ્યો હતો.ઢોલ - નગારા, અબીલ - ગુલાલથી નવા સરપંચના વધામણા સમર્થકો,ટેકેદારો સહિત મતદારોએ કર્યા હતા.

**ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોની ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર : ભિલોડા ગ્રામ પંચાયતના સરપંચ પદે મુકેશભાઈ પી.ત્રિવેદી વિજેતા**

ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ પંચાયતની ચુંટણીમાં ભારે રસાકસીભર્યો જંગ જોવા મળ્યો હતો.ભિલોડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે મુકેશભાઈ પી. ત્રિવેદી વિજેતા જાહેર કરાયા હતા.વિજેતા સરપંચ અને સભ્યના સમર્થકોએ ડી.જે ના તાલે વાજતે - ગાજતે વિજય સરઘસ કાઢયું હતું.

# અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૪ જાન્યુઆરી સુધી પ્રતિબંધિક હુકમો જાહેર

બાયડ તા.૨૨

જીલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૧ ડીસેમ્બર -૨૦૨૧ ના કલાક ૦૦-૦૦થી તા. ૪ જાન્યુંઆરી -૨૦૨૨ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .પ્રદીપસિંહ રાઠોડ અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા

વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય

તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં

અધિકૃત વ્યકિતઓ, કોઈ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.


## જન્મદિને વધામણી


મેઘાબેન રોશન કુમાર પટેલ
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ, જીલ્લો અરવલ્લી



પ્રવીણભાઈ ઠેકડી
નિવૃત્ત બેંક અધિકારી
વલ્લભ નગર સોસાયટી
બાયડ, જીલ્લો અરવલ્લી


ઋતુ યોગેશભાઈ શાહ
સહજાનંદ સોસાયટી
બાયડ જી.અરવલ્લી


વિકાસ પટેલ
બાયડ


કેતનભાઈ સોની
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી


એડવોકેટ જેયુર બી પટેલ
વડોદરા (ભેસાવાડા)


ડો. નયમેશ ડી.જયસ્વાલ
જીંડવા


નેહાબેન ભાવિન કુમાર પટેલ
કલોલ (બાયડ)